# બનાસકાંઠામાં આવતીકાલથી ટ્રાફિક નિયમન અંગે પોલીસ કડક બનશે

## હેલમેટ, સીટ બેલ્ટ વિનાના વાહનચાલકો દંડાશે, ચાલુ વાહને મોબાઈલના ઉપયોગ સામે કડક વલણ અને નંબર પ્લેટ પરના ગેરકાયદેસર લખાણ દુર કરાશે

ડીસા, તા. ૪

બનાસકાંઠા જિલ્લામાં તા. ૬ નવેમ્બરથી ૨૦ નવેમ્બર સુધી ટ્રાફિક ઝુંબેશની શરૂઆત પ્રથમ પોલીસ કર્મચારીઓથી કરવામાં આવી છે. જેમાં બાઈક પર હેલમેટ ન પહેરનારા વાહનો ડીટેઈન પણ કરવામાં આવશે તેમ જિલ્લા પોલીસ વડા ડી.બી.વાઘેલાએ જણાવ્યું હતું. આ


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

અમલીકરણ અંગેની ઝુંબેશ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવનાર છે ત્યારે વાહન ચાલકો સુધી સંદેશો પહોંચે અને તેમનામાં ટ્રાફિક પ્રત્યેની અવેરનેશ આવે તે માટે જિલ્લા પોલીસ વડા ડી.બી.વાઘેલા દ્વારા એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં ૬ નવેમ્બરથી ૨૦ નવેમ્બર સુધી ટ્રાફિક અમલીકરણ માટે ટ્રાફિક પોલીસ દ્વારા ઝુંબેશ હાથ ધરનાર છે. ત્યારે આ ૧૫ જેટલા પોલીસ કર્મીઓને દંડ કરવામાં આવ્યો છે. ત્યારે હવે તા. ૬ નવેમ્બરથી પાલનપુર-ડીસા સહિતના શહેરમાં પોલીસ દ્વારા શરૂ થનારી ડ્રાઈવમાં હેલમેટ વગરના બાઈક ચાલકો, સીટ બેલ્ટ વગર વાહન ચલાવવું, તેમજ ચાલુ વાહનમાં મોબાઈલના ઉપયોગ પર પ્રતિબંધ અને વાહનોની નંબર પ્લેટ ઉપરના ગેરકાયદેસરના લખાણો દુર કરવામાં આવશે અને આવા તમામ વાહન ચાલકોને દંડ કરવામાં આવશે. તેમજ ઝુંબેશ વાહન ચાલકોના હિત માટે શરૂ કરવામાં આવી છે. જેમાં વાહન ચાલકોને સહકાર આપવા પોલીસ વડાએ અનુરોધ કર્યો છે. આ ટ્રાફિક અમીલકરણ ડ્રાઈવમાં મહિલા પોલીસ કર્મચારીઓને રોકવામાં આવશે. જેથી ટ્રાફિક અમલમાં સરળતા રહેશે. આ ઉપરાંત નેશનલ હાઈવે, નગરપાલિકા તેમજ માર્ગ અને મકાન વિભાગ સહિતની સંસ્થાઓ સાથે પોલીસ વડાએ એક મિટીંગ યોજી હતી.

# મોડાસામાં તાજીયા જુલુસમાં કોમી એખલાસના દશ્યો તાદશ્ય


(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ જય અમીન, મોડાસા)



મોડાસા, તા.૪

ઈસ્લામ ધર્મના પયંગબર હજરત મહોમદના નવાસા હજરત ઈમામ હુસેન અને તેમના સાથીઓની શહાદતની યાદમાં પરંપરા મુજબ મહોરમ પર્વની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસામાં મુસ્લિમ બિરાદરો દ્વારા શહેરભરમાં તાજીયા જુલુસ કાઢવામાં આવ્યું હતું. મોડાસા રથયાત્રા કમિટિ દ્વારા સદભાવના હેઠળ કોમી એકતાની ભાવના સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લાના વડા મથક મોડાસા શહેરમાં આજે મોહરમ પર્વે મુસ્લિમ બિરાદરો દ્વારા તાજીયા જુલુસનુ આયોજન કરવામાં આવ્યું હતું. મોડાસાના કસ્બા વિસ્તારમાં મોહરમનું જિલ્લા કલેકટર બી.જે. ભટ્ટ દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. બાદમાં તાજીયા જુલુસ યા હુસેનના નારા સાથે શહેરભરમાં નિકળ્યું હતું જયાં ઠેર ઠેર તાજીયા જુલુસનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના પોલીસ વડા મયુરસિંહ ચાવડા, નાયબ કલેકટર આનંદ આચાર્ય, રથયાત્રા સમિતિના રમેશ કડીયા, ભરત ભાવસાર, નિલેશ જોષી, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, એસ.આર. પટેલ વગેરે મહાનુભાવોએ મહોરમ પર્વે તાજીયા જુલુસનું સ્વાગત કર્યું હતું. બાદમાં તાજીયા કમિટીના યાસીન બેલીમ, બાબુભાઈ મલેક સહિત અન્ય સભ્યોએ સૌનું સ્વાગત કર્યું હતું.

### રથયાત્રા કમિટી દ્વારા સ્વાગત

મોડાસાના કસ્બા વિસ્તારમાં મોહરમનું જિલ્લા કલેકટરે પ્રસ્થાન કરાવતાં જ જુલુસ શહેરમાં નીકળ્યું હતું. જયાં મોડાસા રથયાત્રા કમિટિ દ્વારા વર્ષોની પરંપરા તેમજ કોમી ભાવના જળવાઈ રહે તે હેતુથી રથયાત્રા કમિટિના પ્રમુખ નાનાભાઈ પ્રજાપતિની આગેવાનીમાં સભ્યોની હાજરીમાં તાજીયા જુલુસનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

# નીલપુર ગામના યુવાનો દ્વારા સફાઈ ઝુંબેશ હાથ ધરાયું

## ગ્રામ પંચાયતના ભાગનું કામ ગ્રામજનોએ જાતે કરી તૂટેલી પાણીની પાઈપલાઈન રીપેર કરી

દાંતીવાડા, તા.૪

દાંતીવાડા તાલુકાના નીલપુર ગામમાં યુવાનો દ્વારા સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે ગામના અનેક મોરચાના મહામંત્રી વિનોદભાઈ ચૌધરીએ પોતાની આગેવાનીમાં ગામના યુવાનો તેમજ વડીલોને મોટી સંખ્યામાં સાથે રાખી સ્વચ્છ ભારતના પંચાયતને અનેક વાર રજૂઆતો કરવા છતા સ્થિતિમાં આજ દિન સુધી કોઈ જ સુધારો ન થતા આજે આ સફાઈ દરમિયાન તુટેલી પાઈપનું રીપેરીંગ



રસ્તાઓની સફાઈ હાથ ધરવામાં આવી હતી. ઉપરાંત ગામની પાણીની લાઈન કે જે ગ્રામ પંચાયતને અનેક વાર રજૂઆતો કરવા છતાં રીપેર ન કરાઈ તેનું પણ રીપેરીંગ કામ યુવાનો દ્વારા પૂર્ણ કરાયું હતું.

દાંતીવાડા તાલુકાના નીલપુર ગામમાં ગામના જાગૃત અને પૂર્વ યુવા અભિયાન અંતર્ગત ગામની શેરીઓ અને રસ્તાઓ પરના કચરાના ઢગલા અને નાના મોટા બિન ઉપયોગી જંગલી ઝાડનો નિકાલ કરી સફાઈ કામ હાથ ધર્યું હતું. ગામની પીવાના પાણીની પાઈપલાઈન કે જે ઘણા સમયથી અનેક જગ્યાએ તૂટવાથી પાણીનો બગાડ અને કીચડ થતું હોવાથી ગ્રામ કરી કામ પૂર્ણ કરી યુવાનો દ્વારા સ્વચ્છ ભારત અભિયાનમાં ગ્રામ પંચાયતની નિષ્કાળજી હોવાનું જાહેર કર્યું છે અને સાથે યુવાનો દ્વારા ગ્રામ પંચાયત ગામની રજૂઆતો સાંભળી પોતાની જવાબદારી સારી રીતે નિભાવે તેની રજૂઆત કરી હતી.

(તસવીર : પ્રવિણ પટેલ)

# રબારી સમાજના સહકારી અગ્રણીનું દુઃખદ અવસાન

ડીસા, તા. ૪

ડીસા તાલુકાના બાઈવાડા ગામના વતની અને સહકારી તેમજ રબારી સમાજના મોભી એવા હાથીભાઈ વાલાભાઈ રબારી (જોટાણા)નું દુઃખદ અવસાન થતાં સોમવારે નિકળેલી સ્મશાનયાત્રામાં રાજકીય સામાજીક તેમજ સહકારી આગેવાનો સહિત મોટી સંખ્યામાં સ્નેહીજનો જોડાયા હતા.



બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસા તાલુકાના બાઈબાડા ગામના હાથીભાઈ વાલાભાઈ રબારીએ બાઈવાડા સેવા સહકારી મંડળીના ચેરમેન સહિત સહકારી ક્ષેત્રે પણ નામના મેળવી હતી. જ્યારે રબારી સમાજમાં પણ મિલનસાર સ્વભાવના કારણે 'હાથીકાકા'ના હુલામણા નામથી ઓળખાતા હતા ત્યારે હાથીભાઈ રબારીનું તા. ૩-૧૧-૨૦૧૪ ના રોજ દુઃખદ અવસાન થતાં રબારી સમાજમાં ઘેરા શોકની લાગણી છવાઈ જવા પામી છે. સોમવારે બાઈવાડા ગામેથી નિકળેલી સ્મશાનયાત્રામાં ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ રબારી, જીવણભાઈ જોરાભાઈ દેસાઈ (ભાન્ડુ), ડીસા તાલુકા સંઘના ચેરમેન દશરથભાઈ દેસાઈ, જિલ્લા પંચાયત સદસ્ય ખેતાભાઈ કોલા, સંજયભાઈ દેસાઈ, ગુજરાત ગોપાલક નિગમના પૂર્વ ચેરમેન ડૉ. સંજયભાઈ દેસાઈ, કરશનભાઈ દેસાઈ (વિરૂણા), ડીસા તાલુકા ભઆજપ પ્રમુખ ગીરીશભાઈ દેસાઈ, પી.વી. રાજગોર, પ્રભાતભાઈ દેસાઈ (વિસોળ), ગેમરભાઈ દેસાઈ (મેત્રાણા) સહિત રાજકીય, સામાજીક અને સહકારી આગેવાનોએ સ્મશાનયાત્રામાં હાજર રહી શ્રદ્ધાંજલિ અર્પી હતી.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

### પ્રાંતિજમાં કલાત્મક તાજીયા જુલુસ નિકળ્યુ

કરબલાના મેદાનમાં પોતાના સાથીઓ સાથે શહીદ થનાર ઈમામ હુસેનની યાદમાં પ્રાંતિજના મુસ્લિમ બિરાદરો દ્વારા મોહરમ પર્વે શહેરમાં તાજીયા જુલુસ કાઢવામાં આવ્યું હતું. જેમાં હજારોની સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતાં. મોહરમ પર્વે શહેરના મુસ્લિમ બિરાદરોએ ભારે શોક સાથે સ્વજનોને યાદ કરી તેમજ ધાર્મિક પઠન, નમાજ વગેરે અદા કરી પઠાણવાડાથી ભવ્ય તાજીયા જુલુસ કાઢવામાં આવ્યું હતું. 'યા હુસેન'ના નારા સાથે નિકળેલા તાજીયા જુલસનું ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, રહિશભાઈ કસ્બાતી, સતીષભાઈ પંડયા, નિત્યાનંદ બ્રહ્મભટ્ટ, ભાઈચંદભાઈ પટેલ, જયસિંહ ચૌહાણ, વી.ડી. ઝાલા વગેરે આગેવાનોએ પ્રસ્થાન કરાવ્યું હતું. શાંતિદૂત એવોર્ડ વિજેતા રઈશભાઈ કસ્બાતી દ્વારા તમામનો ઝુલુસમાં હાજર રહેવા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. આ ધાર્મિક પર્વે મામલતદાર ડોડીયા પ્રાંતિજ પી.આઈ. ભરતભાઈ પટેલ સહિત અનેક આગેવાનો જોડાયા હતા અંતે સમગ્ર નગરમાં ભ્રમણ બાદ પવિત્ર તાજીયાને ભાખરીયા તળાવમાં ઠંડા કરવામાં આવ્યા હતા.

# તલોદમાં નાગણેશ્વરી માતાજીને અન્નકુટ ધરાવાશે

તલોદ, તા. ૪

તલોદમાં દેવ દિવાળીના દિવસે નાગણેશ્વરી માતાજીના મંદિરે અન્નકુટ ધરાવવામાં આવશે. કારતક સુદ પૂનમને શુભ દિવસે મંદિર પરિસરને દિવડાની પ્રકાશિત કરવામાં આવશે.

સાબરકાંઠા જિલ્લાના તલોદમાં આવેલ નાગણેશ્વરી માતાજીના મંદિરે દેવ દિવાળીના દિવસે ૫૬ ભોગ અન્નકુટ ધરાવવામાં આવશે. તેમજ દેવદિવાળીના દિવસે મંદિર સવારના ૧૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે. સવારે ૭.૦૦ વાગે માતાજીની મહાઆરતી યોજાશે. મંદિર પરિસરને દિવડાથી પ્રકાશિત કરવામાં આવશે.

# ખેડબ્રહ્માના નાયબ કલેકટરે આઠ સરકારી અધિકારીઓને કારણદર્શક નોટીસ ફટકારી

## 'સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત યોજાયેલ સંકલનની બેઠકમાં ગેર હાજર રહેવા બદલ ખુલાસો કરવો પડશે'


ખેડબ્રહ્મા, તા.૪

ખેડબ્રહ્મા તથા પોશીના તાલુકાની વિવિધ આઠ સરકારી કચેરીઓના અધિકારીઓને સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત તા. ૧ નવેમ્બરના રોજ યોજાયેલ સંકલનની બેઠકમાં પૂર્વ મંજુરી વગર ગેરહાજર રહેવા બદલ નાયબ કલેકટરે કારણદર્શક નોટીસ ફટકારતાં સરકારી કર્મચારીઓમાં સોંપો પડી જવા પામ્યો છે.

આ અંગે પ્રાપ્ય વિગતો અનુસાર સરકારની સ્થાયી સુચના અનુસાર તાલુકા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક દર માસના પ્રથમ શનિવારે નાયબ કલેકટરના અધ્યક્ષસ્થાને મળતી હોય છે. આ સંકલન બેઠકમાં સંબંધિત અધિકારીએ જાતે અચુક હાજર રહેવાનું હોય છે. તા. ૧ નવે.ના રોજ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત દરેક અધિકારીને સવારે ૯-૦૦ વાગે બેઠકમાં હાજર રહેવા આગોતરી જાણ કરવામાં આવી છે. તેમ છતાં ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાના આઠ અધિકારીઓ કે તેમનો કોઈ પ્રતિનિધિ પૂર્વ મંજુરી લીધા વિના આ બેઠકમાં હાજર રહ્યો ન હતો. આ બાબતને ગંભીરતાથી લઈ તાલુકા સંકલન અને ફરિયાદ સમિતિના અધ્યક્ષ અને નાયબ કલેકટરે સંકલન બેઠકમાં ગેરહાજર રહેવા બદલ સાત દિવસમાં ખુલાસો કરવા કારણદર્શક નોટીસ ફટકારવામાં આવી છે. આ અંગે જો કસુર થશે તો જે તે અધિકારી વિરુદ્ધ કાર્યવાહી માટે જે તે ખાતાના વડાને અહેવાલ મોકલવામાં આવશે.

### કોને નોટીસ ફટકારાઈ

સરકારી ગોડાઉન મેનેજર
તોલમાપ નિરિક્ષક
પશુ ચિકિત્સક
મદદનીશ ખેતી નિયામક
મત્સ્ય ઉદ્યોગ અધિકારી
પોશીના પી.એસ.આઈ.
ખેરોજ પી.એસ.આઈ.
ખેડબ્રહ્મા પી.એસ.આઈ.




(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

વિશ્વ -સિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે આવેલ ગાયત્રી તીર્થ ખાતે ગૃહ રાજયમંત્રી શ્રી રજનીભાઈ પટેલની ઉપસ્થિતિમાં ૧૦૮ કુંડી ગાયત્રી મહાયજ્ઞ અને યુવા દંપતી શિબિર યોજાઈ હતી. તા.૨ જી થી ૬ નવેમ્બર સુધી યોજાઈ રહેલી આ શિબિરમાં ગુજરાતભરના ૩૨૪ જેટલાં દંપતિઓએ મહાયજ્ઞમાં આહૂતિ આપી હતી. આ -સંગે -ાસંગિક -વચન કરતાં મંત્રીશ્રી રજનીભાઈ પટેલે જણાવ્યુ હતુ કે ૨૦૭૧ના નૂતન વર્ષે આપ સૌને ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવું છુ. તેમણે કહ્યુ કે સમાજ જીવન અને રાષ્ટ્રજીવનમાં ગાયત્રીનું યોગદાન અનેરુ છે. સાધનાના માધ્યમથી વ્યક્તિની ઉર્ધ્વગતિ થાય છે. તેમણે કહ્યુ કે યુગ શક્તિ ગાયત્રી ધ્વારા સમગ્ર દેશ અને દુનિયામાં સુંદર રાષ્ટ્ર નિર્માણનું કામ થઈ રહ્યુ છે. તેમણે કહ્યુ કે જ્ઞાનની દેવીની ઉપાસનાથી આપણને સદબુધ્ધિ મળે અને આપણે સમાજ તથા રાષ્ટ્ર માટે સારા કામો કરીએ. તેમણે કહ્યુ કે અંબાજીમાં -કૃતિના ખોળે સુંદર મજાનું ગાયત્રી મંદિર આવનારા સાધકો માટે આસ્થાનું કેન્દ્ર બનશે. મંત્રીશ્રીએ કહ્યુ કે ગુરૂદેવે હંમેશા કલ્યાણની વાત કરી છે. જગતના કલ્યાણ માટે, ઉધ્ધાર માટે ગાયત્રી પરિવાર ધ્વારા સરસ કામ ચાલી રહ્યુ છે. તેમણે કહ્યુ કે સાધનાથી આત્માને સુખ અને સંતોષ મળે છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦